**પ્રસાર ભારતી**

**સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ**

**MIDDAY NATIONAL NEWS AT 1.20 TO 1.30 PM 10–04-2025**

**આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.**

**************************************************

1) કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે ગુજરાત વેપારી મહામંડળને લઘુ ઉદ્યોગોને સ્ટાર્ટ અપ સાથે જોડી સક્ષમ તંત્ર બનાવવા અનુરોધ કર્યો

2) મુંબઈ આતંકવાદી હુમલાનો આરોપી તહવ્વુર રાણા આજે ભારત આવે તેવી સંભાવનાઃ એનઆઇએની ઉચ્ચ સ્તરીય તપાસ ટૂકડી પૂછપરછ કરશે

3) નાણાકીય વર્ષ 2024-25માં ભારતની ચીજવસ્તુઓ અને સેવાઓની નિકાસ 820 અબજ ડોલરને પાર

4) વર્ષ 2028માં રમાનાર લોસ એન્જલસ ઓલિમ્પિક ગેમ્સમાં ક્રિકેટ ટી-20 ફોર્મેટમાં રમાશે.

5) આઇપીએલમાં, આજે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ તેમજ દિલ્હી કેપિટલ વચ્ચે મુકાબલો

.......................................................................

(હવે પછી આપ બે વાગીને ત્રીસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી બે વાગીને 30 મિનિટે આપ પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.

# AMIT SHAH GCCI

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે અમદાવાદના ગુજરાત વેપારી મહામંડળ-GCCI ને લઘુ ઉદ્યોગોને સ્ટાર્ટ અપ સાથે જોડી સક્ષમ તંત્ર બનાવવા અનુરોધ કર્યો. અમદાવાદમાં વેપારી મહામંડળ દ્વારા આયોજીત ગેટ- 2025 એક્સ્પોનું ઉદ્ઘાટન કરતાં શ્રી શાહે જણાવ્યું, GCCI એ ઉદ્યોગ, ઉદ્યોગ સાહસિક અને ઉદ્યોગપતિ એમ ત્રણેયને મદદ કરવા એક સ્થાયી તંત્ર બનાવવું જોઈએ.

(બાઇટ: અમિત શાહ – કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી )

ગુજરાત વેપારી મહામંડળના ગેટ એક્સપો કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહ્યાં.

--------

# HOME MINISTRY – RANA

મુંબઈ આતંકવાદી હુમલાના આરોપી તહવ્વુર રાણા અમેરિકાથી પ્રત્યાર્પણ દ્વારા આજે ભારત આવવાની શક્યતા છે. અમેરિકાની સર્વોચ્ચ અદાલતે રાણાની અરજી ફગાવી દીધી હતી.

તહવ્વુર રાણાનું ભારતમાં આગમન થયા પછી તરત જ એનઆઇએની ઉચ્ચ સ્તરીય તપાસ ટૂકડી તેની પૂછપરછ કરશે. ટૂકડીમાં બે ઇન્સ્પેક્ટ જનરલ, એક ડેપ્યુટી ઇન્સ્પેક્ટર જનરલ અને એક સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોલિસનો સમાવેશ થાય છે. ગુપ્તચર સંસ્થાના અધિકારીઓ પણ તેની પૂછપરછ કરશે.

સૂત્રોનાં જણાવ્યા મુજબ રાણાને તિહાર જેલમાં ઉચ્ચ સલામતી ધરાવતા વોર્ડમાં પૂરવામાં આવે તેવી સંભાવના છે.

આ કેસમાં સુનાવણી અને અન્ય બાબતો માટે કેન્દ્ર સરકારે એડવોકેટ નરેન્દ્ર માનને વિશેષ સરકારી વકીલ તરીકે નિયુક્ત કર્યા છે. ગેઝેટમાં પ્રસિધ્ધ જાહેરનામામાં કેન્દ્રીય ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે, નરેન્દ્ર માનને રાષ્ટ્રીય તપાસ એજન્સી વતી દિલ્હી ખાતેની એનઆઇએ વિશેષ અદાલતો અને અપીલ કોર્ટમાં ત્રણ વર્ષના સમયગાળા માટે સુનાવણી હાથ ધરવા માટે નિયુક્ત કરાયા છે.

. . . . . . . . . . . . . . .

## J&K-SEARCH OPERATION

જમ્મુ અને કાશ્મીરમાં ગઈકાલે સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થયા બાદ ઉધમપુર જિલ્લાના માર્તા ગામમાં સર્ચ અને કોર્ડન ઓપરેશન ચાલી રહ્યું છે. ઉધમપુરના એસએસપી આમોદ અશોક નાગપુરેએ જણાવ્યું હતું કે જંગલની વચ્ચે બે-ત્રણ આતંકવાદીઓ છુપાયેલા હોવાની માહિતી મળી હતી.

તેમણે કહ્યું કે જ્યાં આતંકવાદીઓ છુપાયેલા હતા તે વિસ્તાર ઊંચા પર્વતો, નીચે એક નદી અને ગાઢ જંગલને કારણે ખૂબ જ દુર્ગમ છે. ગઈકાલે લગભગ બે કલાક સુધી ચાલેલી અથડામણમાં સુરક્ષા દળોએ જવાબી ગોળીબાર કર્યો હતો. હજુપણ સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . .

## DELHI - AYUSHMAN CARD

દિલ્હી સરકાર આજે બપોરે રાષ્ટ્રીય રાજધાનીના રહેવાસીઓને આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (પીએમ-જેએવાય) આરોગ્ય કાર્ડનું વિતરણ શરૂ કરશે. કાર્ડનું વિતરણ વિજ્ઞાન ભવનમાં બપોરે ૩ વાગ્યે શરૂ થશે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય અને દિલ્હી સરકાર વચ્ચે

તાજેતરમાં થયેલા સમજૂતી કરાર સાથે, રાષ્ટ્રીય રાજધાની આ યોજનાનો અમલ કરનાર 35મું રાજ્ય બન્યું છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, દિલ્હીમાં આશરે સાડા છ લાખ પરિવારોને એબી પીએમ-જેએવાયનો લાભ મળશે. દિલ્હીના આરોગ્ય મંત્રી પંકજ સિંહે જણાવ્યું હતું કે આશરે 26 લાખ રહેવાસીઓએ પ્રથમ તબક્કામાં લાભાર્થીઓ તરીકે નોંધણી કરાવી છે. પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો અહેવાલ

(VOICECAST)

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## INDIA'S EXPORTS SURGE

વૈશ્વિક બજારોમાં આર્થિક અનિશ્ચિતતા હોવા છતાં, નાણાકીય વર્ષ 2024-25માં ભારતની ચીજવસ્તુઓ અને સેવાઓની નિકાસ વિક્રમ 820 અબજ ડોલરને વટાવી ગઈ છે, જે અગાઉના નાણાકીય વર્ષના 778 અબજ ડોલરના આંકડાની સરખામણીએ લગભગ 6 ટકાનો વધારો દર્શાવે છે.

વેપાર ઉદ્યોગની સ્થિતિ પર ચર્ચા કરવા કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલ અને એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ્સ દ્વારા આયોજિત બેઠકમાં આ આંકડા જાહેર કરાયા હતા.

શ્રી ગોયલે રશિયા-યુક્રેન યુધ્ધ, રાતા સમુદ્રની કટોકટી અને ઇઝરાયેલ-હમાસ સંઘર્ષ સહિતનાં અવરોધો છતાં નિકાસમાં વિક્રમ સર્જવા બદલ નિકાસકારોને અભિનંદન પાઠવ્યા હતા. બેઠકમાં શ્રી ગોયલે નિકાસકારોને અમેરિકા સાથે દ્વિપક્ષીય વેપાર સમજૂતિ અંગે ચાલી રહેલી વાટાઘાટ અંગે માહિતગાર કર્યા હતા.

. . . . . . . . . . . . . . . .

## GLOBAL TECHNOLOGY SUMMIT

વૈશ્વિક ટેકનોલોજી શિખર સંમેલન- GTS 2025ની 9મી આવૃત્તિ આજથી નવી દિલ્હીમાં યોજાશે. આ વર્ષની શિખર પરિષદની વિષયવસ્તુ છે- સંભાવના છે.

ત્રણ દિવસીય શિખર સંમેલનમાં 40થી વધુ જાહેર સત્રો યોજાશે, જેમાં મુખ્ય સંબોધન, મંત્રીઓ દ્વારા વાતચીત, નિષ્ણાત પેનલ અને વ્યૂહાત્મક વાતચીત સામેલ છે. 40 થી વધુ દેશોના 150 થી વધુ વક્તાઓ આજે વિશ્વ સમક્ષનાં સૌથી વધુ ટેક પડકારો અને તકો પરની ચર્ચામાં જોડાશે.

આ વર્ષે આ શિખર સંમેલનમાં નવી પેઢીને પણ સ્થાન અપાયું છે. જીટીએસ યંગ એમ્બેસેડર્સ પ્રોગ્રામ દ્વારા દેશભરના વિદ્યાર્થીઓ અને યુવા વ્યાવસાયિકો ડિજિટલ ભાવિ, જવાબદાર એઆઇ અને વૈશ્વિક તકનીકી ધોરણો પર નીતિગત વાતચીતમાં સીધું યોગદાન આપશે.

. . . . . . . . . . . . . . .

# CRICKET - LOS ANGELES OLYMPICS

લોસ એન્જલસ 2028 ઓલિમ્પિક ગેમ્સમાં ક્રિકેટ ટી-20 ફોર્મેટમાં રમાશે, જેમાં પુરુષ અને મહિલા ટૂર્નામેન્ટ્સમાં છ-છ ટીમ ભાગ લેશે. ઇન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી (આઇઓસી) ના એક્ઝિક્યુટિવ બોર્ડ દ્વારા

ગઈકાલે એલએ 2028 માટે કાર્યક્રમો અને એથ્લીટ ક્વોટાને મંજૂરી અપાઇ હતી. આયોજકોએ જાહેરાત કરી હતી કે દરેક જાતિ માટે કુલ 90 એથ્લીટ ક્વોટા ફાળવવામાં આવ્યા છે, જેમાં દરેક ટીમને 15 સભ્યોની ટીમની મંજૂરી અપાઇ છે. આઇ. ઓ. સી. એ બે વર્ષ પહેલાં બેઝબોલ અથવા સોફ્ટબોલ, ફ્લેગ ફૂટબોલ, લેક્રોસ અને સ્ક્વોશની સાથે ક્રિકેટના સમાવેશને મંજૂરી આપી હતી.

. . . . . . . . . . . . . . . .

## IPL CRICKET

ઇન્ડિયન પ્રીમીયર લીગ - આઇપીએલમાં આજે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં સાંજે 7.30 વાગ્યે દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે. દિલ્હી કેપિટલ્સ અત્યાર સુધી તમામ મેચ જીત્યું છે, જ્યારે આરસીબી ઘરઆંગણે એક પણ મેચ જીત્યું નથી.

દિલ્હી કેપિટલ્સ સતત ત્રણ જીત સાથે છ પોઇન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને છે. જ્યારે આરસીબી ચાર મેચમાં ત્રણ જીત સાથે ચોથા સ્થાને છે.

ગઈકાલે રાત્રે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગુજરાત ટાયટન્સે રાજસ્થાન રોયલ્સને 58 રનથી હરાવ્યું હતું. 218 રનના

લક્ષ્યાંકનો પીછો કરતા રાજસ્થાનની ટીમ 19.2 ઓવરમાં માત્ર 159 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# BEDMINGTON

બેડમિન્ટનમાં ભારતની મિશ્ર ડબલ્સ જોડી ધ્રુવ કપિલા અને તનિષા ક્રેસ્ટો આજે ચીનના નિંગબોમાં યોજાનારી એશિયા ચેમ્પિયનશિપની ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી ગઈ છે. ભારતીય જોડીએ પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં ચાઇનીઝ તાઈપેઈના હોંગ વેઈ યે અને નિકોલ ગોન્ઝાલેસ ચાનને હરાવ્યા હતા.

. . . . . . . . . . . . . . . .

## TRUMP-TARRIF

એક મહત્વનાં ઘટનાક્રમમાં, અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચીન સિવાયના તમામ દેશો પરની પારસ્પરિક ટેરિફ 90 દિવસ સુધી સ્થગિત કરવાની જાહેરાત કરી છે. ગઈ કાલે રાત્રે એક સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી ટ્રમ્પે કહ્યું કે, 90 દિવસની રાહત પારસ્પરિક અને 10 ટકા ટેરિફ પર લાગુ થશે.

. . . . . . . . . . . . . . .